# સૂતક:

- સુવાવડનું સૂતક સૌથી મોટું સૂતક ગણાય છે. સુવાવડમાં દિકરો જન્મે કે દિકરી  જન્મે, એટલે ૪૦ દિવસનું પાક્કું સૂતક લાગે છે. જયારે દિકરી ડિલીવરી માટે હોસ્પિટલ જાય ત્યારે અથવા તે પહેલાં ઘરમાં રહેલા મંદિરને સંપૂર્ણ બંધ કરી દેવું મંદિરને બહારથી ચોખ્ખા કપડાંથી પૂર્ણ પેક કરી દેવું. પછી બાળકના જન્મ થતાની સાથે પાક્કા ૪૦ દિવસ કોઈએ પણ મંદિરને સ્પર્શ પણ કરવો નહિ. ૪૦ દિવસનાં સૂતક દરમ્યાન ઘરનાં બાકીનાં સદસ્યો ૧૨ દિવસ પછી દેરાસર દર્શન કરવા જઇ શકે. કોઈએ પણ મંદિરમાં કે દેરાસરમાં સેવા પૂજા કરવી નહિ. પાક્કા ૪૦ દિવસ સૂતકના વીતી ગયા પછી ૪૧ માં દિવસે ઘરમાં બધે ગૂગળનો ધૂપ કરવો, ગૌ મુત્ર છાંટી મંદિરની જગ્યા સંપૂર્ણ શુધ્ધ કરી પછી જ દીવા બત્તી કરવા તેમજ માતાજીનાં નિવેદ કરવા.

- જે ઘરમાં કોઈ સદસ્યનું મરણ થયું હોય તેમને ત્યાં ૧૨ દિવસ નું સૂતક લાગે છે. ૧૨ દિવસ સુધી માતાજીનાં દિવા બત્તી કે દેરાસરમાં સેવા પૂજા નહિં કરવા. ૧૩ માં દિવસ થી દેરાસરમાં સેવા પૂજા તેમજ ઘરે દિવા બત્તી થઇ શકે.

- જો કોઇ ગુજરી ગયું હોય તો સંસારના નિયમ પ્રમાણે આભડવા જવું પડે તેમાં જો તમે શબ (ગુજરી ગયેલ વ્યક્તિ) ને સ્પર્શ કર્યો હોયતો ૩ દિવસનું સૂતક લાગે છે. અને તમે શબને સ્પર્શ ન કર્યો હોય તો ૧ દિવસનું સૂતક લાગે છે. સૂતક કાળ પતિ ગયા પછી સંપૂર્ણ શુધ્ધતાઇ કર્યા બાદ જ મંદિરમાં દિવા બત્તી કરવા કે દેરાસરમાં પૂજા સેવા કરવી.

- દિકરીઓને અંતરાય આવે ત્યારે પાક્કું પાળતા હોય તો તે દરમ્યાન ઘરમાં દિવા બત્તી થાય અને બાકીનાં સદસ્યો પૂજા સેવા કરી શકે. અને નાના બાળકોનાં હિસાબે અડશ આભડશ થતી હોયતો ૪ દિવસ દિવા બત્તી ના કરવા. ૫ માં દિવસથી દિવા બત્તી તથા દેરાસરમાં સેવા પૂજા કરી શકાય. અને જો પાળવાનાં સંજોગ ન થતાં હોય અને પાળતાં ના હોયતો ૭ માં દિવસે દિવા બત્તી તથા દેરાસરમાં સેવા પૂજા કરી શકાય.